## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન... તમારાથી વધુ છોકરીઓ મે જન્માવીને સરકારને બેટી-બચાવો અભિયાનમાં મદદ કરી છે... તો અમારે પણ છ મહિનાની રજા સરકારે આપવી જોઈએ...!!

# ઘરફોડીયાઓ હવે ચાની કીટલી નથી છોડતા

## સિવિલ હોસ્પિટલ બહારની કીટલીનું તાળુ તોડી ગેસની બોટલ અને સિગારેટ-બીડીના પેકેટ ચોરી ગયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં છેલ્લા થોડા મહિનાઓથી હાઈ ફાઈ મકાનોમાં થતી ઘરફોડ ચોરીઓ ખુબ ઓછી થઈ છે પરંતુ હવે પાન-બીડીના ગલ્લાઓ અને ચાની કીટલીઓ ને નથી છોડતા..! ત્રણેક દિવસ પહેલા સે-૭/૮ના બસ સ્ટેન્ડ નજીક પાન-બીડીના ગલ્લામાં ઘરફોડ થઈ હતી ત્યારે ગઈ રાત્રી દરમિયાન સિવિલ હોસ્પિટલના દરવાજા પાસેની ચા ની કીટલીમાં ઘરફોડ થવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના મુખ્ય ગેટ પાસે સ્થિત ચાની કીટલી સેકટર-૫-સી પ્લોટ નં. ૧૬૯૫/૧ ખાતે રહેતા હિતેશભાઈ પ્રવિણભાઈ ડોડીયા ચલાવે છે. ગઈ રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં તેમણે કીટલીનો ગલ્લો બંધ કર્યો હતો અને સવારે ૧૧ વાગ્યે ગલ્લો ખોલવા ગયા ત્યાં સુધીના સમયગાળામાં તેમની કીટલીને ઘરફોડીયા ટાર્ગેટ બનાવી ચુકયા હતા. તાળુ તોડીને અંદરથી ગેસ સિલીન્ડર તથા સિગારેટ બીડીના પેકેટ સહિત કુલ રૂ. ૫૯૩૫ની મત્તાની ઊઠાંતરી કરી ઘરફોડીયા ફરાર થઈ ગયા હતા. આ મામલે સે-૭ પોલીસે હિતેશ ડેડીયાની ફરિયાદને આધારે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. હોસ્પિટલના સીસીટીવી ફુટેજ મેળવી ઘરફોડીયા સુધી પહોંચવા પોલીસે કવાયત હાથ ધરી છે.




## સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના 'કલર્સ ઓફ માય કન્ટ્રી'

આગામી તા. ૧૫મી ઓગષ્ટે સમગ્ર દેશમાં સ્વતંત્રતા દિવસ ભારે ધામધૂમથી ઉજવાશે. શહેરની વિવિધ શાળાઓમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રારંભ થઈ જવા પામી છે અને તે અંતર્ગત અનેકવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગરના કુડાસણ ખાતે સ્થિત સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે અંગ્રેજી માધ્યમની શાળાના નાના બાળકો દ્વારા 'કલર્સ ઓફ માય કન્ટ્રી' કાર્યક્રમ ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના ધોરણ-૧ થી ૩ના બાળકોએ મનમોહક સાંસ્કૃતિ કાર્યક્રમો ઉપરાંત દિલધડક કરતબો સાથેના નૃત્યો, તથા ગીતો, વકતવ્યો વગેરે રજૂ કરી પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી શૈલેષભાઈ ઠક્કર, પ્રાયમરી સ્કૂલના આચાર્ય નિર્મલ પટેલ તથા સ્પોર્ટસ કોચ હરેન્દ્રસીંગ ગીલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે સ્કૂલના પ્રિન્સિપાલ અર્પણા સેઠના માર્ગદર્શન હેઠળ કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# આર.ટી.ઓ. કચેરીનુ પાર્કીંગ હવે રહેણાંક વિસ્તારમાં ગોઠવાતુ જાય છે

## ગ માર્ગ પર વચાળે જ વાહનો ખડકી દેવાય છે : રહેણાંકમાં વાહનો પાર્ક થતા મહીલાઓને હાલાકી દબાણના લીધે સમસ્યા વધુ જટીલ

ગાંધીનગર તા ૧૨

શહેરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી ટેકનિકલ ખામીના લીધે સતત અરજદારો માટે દુવિધાનુ કારણ બનતી આવી છે.જયારે આર ટી ઓ કચેરીના સંકુલમાં પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થા ન હોવાથી ગ માર્ગ પર વચાળે જ વાહનોનો ખડકલો થાય છે. ત્યારે કચેરી નજીકના રહેણાંક વિસ્તારમાં પણ ભારે વાહનોનો ખડકલો થતા વાહનચાલકો તેમજ રહીશો વચ્ચે ચકમક જરે છે. બીજીતરફ રહીશોના ઘરઆંગણે વાહનોનો ખડકલો થતા સ્થાનિક મહીલાઓએ પણ દુષિત વાતાવરણનો સામનો કરવો પડે છે.

નગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં પેપરલેસ વહીવટ હોવાની સાથે હાઈટેક વ્યવસ્થા હોવાનો દાવો કરવામાં આવી રહયો છે. પરંતુ વારંવાર ટેકનિકલ ખામી સર્જાતા મુલાકાતીઓએ ધક્કે ચઢવાનો વારો આવતો હોવાનો આક્રોશ પણ ઉઠવા પામે છે. ત્યારે આર ટી ઓ કચેરીની સમસ્યા પણ દરવાજા પાસેથી જ શરૂ થાય છે. આર ટી ઓ કચેરીમાં પાર્કીંગ માટે પર્યાપ્ત જગ્યા ન હોવાના લીધે મુલાકાતીઓ ગ માર્ગ વચાળે જ વાહનો પાર્ક કરી દે છે. જેના પરિણામે માર્ગ પરનો ટ્રાફિક સિનારીયો પણ બદલાય છે. ગ માર્ગ પર માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી સ્થિતિ સર્જાય છે. બીજીતરફ કચેરીની આસપાસ સ્થિત સેકટરમાં રહીશોના ઘરઆંગણે જ વાહનો ખડકી દેવાય છે. ભારે વાહનો પણ રહેણાંક વિસ્તારમાં પાર્ક કરી દેવાતા સ્થાનિક રહીશો માટે અનેક અડચણ ઉભી થવા પામી છે. ભારે વાહનો પાર્ક કરતા ચાલકો દ્વારા અભદ્ર ભાષામાં વાતો થતી હોવાથી સ્થાનિક મહીલાઓએ ક્ષોભજનક સ્થિતિમાં મુકાવાનો વારો આવે છે.

આ મામલે વોર્ડનં-૮ ના મહીલા કોર્પોરેટરે પણ આ વિસ્તારમાં પાર્કીંગની યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી વ્યવસ્થા કરવા માંગ કરી છે. મહીલા કોર્પોરેટરે રજુઆતમાં જણાંવ્યા મુજબ આ વિસ્તારમાં દબાણો પણ વધી ગયા છે. ત્યારે આ અવ્યવસ્થા વચ્ચે પાર્કીંગ માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા માટે રજુઆત કરવામાં આવી છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ સ્વાતંત્ર્યદિન ઉજવશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠકમાં નક્કી થયા મુજબ પ્રત્યેક વર્ષની જેમ આ વર્ષેપણ ૧૫મી ઓગષ્ટની ઉજવણી કરવામાં આવશે. તા. ૧૫મી ઓગષ્ટ ૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૧૦.૦૦ વાગે સંસ્થાના પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિના વરદ હસ્તે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, સે-૨૨ ખાતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાંઆવ્યુંછે. આથી સર્વેહોદ્દેદારો, કારોબારી સભ્યશ્રીઓ, સેકટર પ્રતિનિધિશ્રીએ ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યુ છે. ધ્વજવંદન કાર્યક્રમ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી તથા કારોબારી સભ્યો દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરવામાંઆવશે. તો સર્વેસભ્યોને આ પ્રસંગે અચૂક હાજર રહેવા પ્રવરમંત્રી શ્રી રમણલાલ એમ. શ્રીમાળીએ જણાવેલ છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી આયોજિત "દિશા" બેઠક ૧૩મીના બદલે ૨૨મી ઓગષ્ટે સાંસદ લાલકૃષ્ણ અડવાણીના અધ્યક્ષપદે મળશે.

● જિલ્લામાં સ્વચ્છતા મિશન અંતર્ગત શૌચાલય નિર્માણની કામગીરીમાં લોક જાગૃતિ અભિયાન ચલાવવા વિશ્વબેંકના ત્રણ પ્રતિનિધિઓની ટીમ જિલ્લામાં આવી પહોંચી છે. એક સપ્તાહ સુધી આ ટીમ રોકાવાની છે.

● ગ્રામ વિકાસ કમિશનર શ્રીમતિ જયંતિ રવિ રજા પર ગયા છે.

● વાયબ્રન્ટ-૨૦૧૭ની તૈયારીઓમાં તંત્ર અત્યારથી પરોવાઈ ગયું છે.

● માણસા ખાતે યોજાનાર ધ્વજવંદન સમારોહનું ગ્રાન્ડ રિહર્સલ આજે સવારે યોજાવાનું છે.

● ત્રિરંગા યાત્રાની તૈયારીમાં પણ તંત્ર વ્યસ્ત બની ગયું છે.

● રાજપૂત સમાજના આગેવાનોએ આજે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને રાજ્ય મંત્રીમંડળમાં સ્થાન પામેલા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

● ગાંધીનગર જિલ્લાના જાખોરા ગામના વતની અને દસાડાના ધારાસભ્ય પૂનમભાઈ મકવાણાની આજે સંસદીય સચિવ તરીકે નિયુક્તી થતાં જિલ્લામાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

# રખિયાલની લુંટમાં રેકી કરવા વપરાયેલ રીક્ષા પોલીસે પકડી

## વોન્ટેડ ડ્રાયવરની પણ ધરપકડ : લુંટમાં ગયેલી રોકડ ૨.૩૪ લાખ તથા લુંટ માટે વપરાયેલી છરી અને ઈકો ગાડી રીકવર કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

રખિયાલ પાસે હાઈવે પર થોડા દિવસો અગાઉ શાકભાજીના વેપારીને રોકીને ઈકો ગાડીમાં આવેલા છ શખ્સોએ લુંટી લેવાયો હતો. આર.આર.સેલે આ ગેંગને પકડી પાડી હતી અને તપાસ ગાંધીનગર એલસીબીને સોંપાઈ હતી. એલસીબીએ ફરાર છઠ્ઠા આરોપીને પકડી લુંટમાં રેકી કરવા વપરાયેલી રીક્ષા તથા લુંટમાં વપરાયેલી છરી અને ઈકો ગાડી પણ જપ્ત કરી છે. તે ઉપરાંત લુંટમાં ગયેલા રોકડ રૂ. ૨.૩૪ લાક રોકડા રીકવર કરવામાં આવ્યા છે. આરોપીઓની વધુ પુછપરછ ચાલી રહી છે.

ગાંધીનગર આર.આર.સેલની ટીમે રખિયાલ હાઈવે લુંટના ગુનાનો પર્દાફાશ કરીને પાંચ આરોપીઓને પકડી પાડ્યા હતા. ઈકો ગાડી લઈને આવેલા છ શખ્સોએ લુંટ કરી હતી. ઈકો ગાડી ચલાવનાર આરોપી ડ્રાઈવર ફરાર હતો. તેને પકડી પાડવામાં આવ્યો છે. આ લુંટ પ્રકરણમાં અર્જુન ઘના પ્રજાપતિ, રમેશ ઊર્ફે રામો કેવારામ રબારી, ઈમરાન ઊર્ફે ભઠીયારા કાલુ પઠાણ, શેહબાઝ ઊર્ફે શાહબાઝ અબ્દુલરશીદ શેખ, ગણેશ શમરતા રબારી અને રૂપા ઊર્ફે રૂપેશ નવારામ ચૌધરી મળીને છ શખ્સોની ધરપકડ થઈ ગઈ છે. આ ગુનો કરવા એક રીક્ષા દ્વારા રેકી કરવામાં આવી હતી તે રીક્ષા પણ જપ્ત કરવામાં આવી છે. તે ઉપરાંત રોકડ રૂ. ૨,૩૪,૦૦૦ તથા લુંટમાં ગયેલા મોબાઈલ સહિત કુલ આઠ મોબાઈલ અને ગુનામાં વપરાયેલી છરી, ઈકો ગાડી મળીને કુલ રૂ. ૫.૭૪ લાખનો મુદ્દામાલ એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર ની ટીમે રીકવર કરી વધુ પુછપરછ હાથ ધરી છે.

## સેક્ટર-૩૦ પાસે સાયકલ મળી આવેલ છે, યોગ્ય આધાર આપી લઈ જવી

ગાંધીનગર, તા. ૧૨

સેક્ટર-૩૦ ચાર રસ્તા પાસે સર્વોદયનગરમાં નવી ગીયરવાળી સાયકલ મળી આવી છે. છેલ્લા ૧૫ દિવસથી માલિકની શોધખોળ સીનીયર સિટીઝન દ્વારા કરવામાં આવી રહી છે. છતાં આજ દિન સુધી સાયકલનો માલિક મળી આવેલ નથી તો આ સાયકલ માટે યોગ્ય ખાત્રી આપી આધાર પુરાવા રજુ કરી સીનીયર સિટીઝન પાસેથી સાયકલ મેળવી લેવા જણાવાયું છે.



## જિલ્લા પોલીસ દ્વારા મહિલા સુરક્ષા દિન અંતર્ગત કાનૂની દિવસની ઉજવણી

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા મહિલા સશકિતકરણ પખવાડીયા અંતર્ગત મહિલા સુરક્ષા દિન પ્રસંગે કાનુની દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગર સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજય મહિલા આયોગના અધ્યક્ષા લીલાબેન અંકોલીયા, જિલ્લા કલેકટર સતિષભાઈ પટેલ, મનપા કમિશનર ડી.એન. મોદી, ડીડીઓ દેવાંગભાઈ દેસાઈ, જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવ ઉપરાંત કાનુની દિવસ તથા મહિલાઓને સશકત કરવા સંદર્ભે વકતવ્ય માટે ડૉ.માધવી ઉપાધ્યાય અને પ્રો. નિધી બુચ ઉપસ્થિત રહ્યા હતા. પી.આઈ. પી.સી. વલેરાએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. આ કાર્યક્રમમાં વિવિધ શાળા કોલેજોની વિદ્યાર્થીનીઓએ જોડાઈને રસપૂર્વક વકતવ્ય સાંભળ્યા હતા. ડૉ.માધવી ઉપાધ્યાયે પોતાના વકતવ્યમાં કહ્યું હતું કે મહિલાઓએ પુરુષ સમોવડી બનવા આર્થિક ઉપાર્જનની આવડત પણ કેળવવી પડશે જયારે પ્રો. નિધી બુચે વિદ્યાર્થીનીઓને મહિલાઓને લગતા કાયદાઓનું જ્ઞાન પીરસ્યું હતું.

### કાર્યપાલક ઇજનેર સા.કાં. પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર

### જાહેર નિવિદા નં. ૫/૨૦૧૬-૨૦૧૭

કાર્યપાલક ઈજનેરશ્રી સા.કાં. પંચાયત મા.મ. વિભાગ હિંમતનગર (ફો.નં. ૦૨૭૭૨ ૨૪૦૬૫૧) દ્વારા ઓડબલ્યુઆર ૨૦૧૫-૧૬ ના કામ જેની અંદાજીત કિંમત ૨. ૫૪.૬૭ લાખ થી ૫૫૯.૮૦ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડરીંગ સિસ્ટમથી ટેન્ડરો માગવામાં આવે છે. જે વેબ સાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૬.૦૯.૨૦૧૬ થી જોઈ શકાશે તથા તા. ૧૩.૦૯.૨૦૧૬ સુધીમાં ટેન્ડરો ઓન લાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

ક્રમાંક : ના.મા.નિ./હિંમત/૨૪૭/૨૦૧૬

### અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા

### જાહેર નિવિદા નં. ૦૨/૨૦૧૬-૧૭/સુધારો-૧

### અનુ. ૯ અને ૧૦

ગુજરાત સમાચાર વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની તારીખ | ૧૯/૦૮/૨૦૧૬ |
| ઇજારદારશ્રીઓએ ઓનલાઇન ડાઉનલોડ કરવાની તારીખ | ૨૦/૦૮/૨૦૧૬ |
| બાનાની રકમ, સોલવંશી, ટેન્ડર ફી તથા અન્ય દસ્તાવેજો રજૂ કરવાની તારીખ | ૩૧/૦૮/૨૦૧૬ |
| ટેકનીકલ બીડ/પ્રાઇઝ બીડ ખોલવાની તારીખ | ૨૭/૦૮/૨૦૧૬ |

વિગતવાર નિવિદા www.STATETENDERS.COM ઉપર જોવા મળશે તેમજ ઓનલાઈન ટેન્ડરો http://rnb.nprocure.com ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો-શરતો મૂળ નિવિદા મુજબ રહેશે, તેની નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર
અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ
મોડાસા

ક્રમાંક : ના.મા.નિ./હિંમત/૨૪૯/૨૦૧૬


